ક્રમાંક:મઉમશબ/ક-૧/પ્ર.પ/ ૨૦૨૧/૯૫૨
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,સેક્ટર– ૧૦/બી,
સચિવાલય પાસે, ગાંધીનગર.
તા.૩૦/૦૯/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ, ગુજરાત રાજ્ય

વિષય: ધોરણ-૦૯ થી ૧૨ની પ્રથમ પરીક્ષા અંગે ખાસ સૂચના બાબત
સંદર્ભ: (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/૧૧૨૦/૧૪૨/છ તા.૧૨/૦૨/૨૦૨૧
(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/ક-૧/પ્ર.પ/૨૦૨૧/૯૨૩ તા.૨૨/૦૯/૨૦૨૧

જયભારત સાથ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે અત્રેની કચેરીના સંદર્ભદર્શિત પત્ર (૨) મુજબ ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ધોરણ-૦૯ થી ૧૨ની પ્રથમ પરીક્ષા બોર્ડ દ્વારા નિયત આયોજન મુજબ જ લેવાની રહેશે. બોર્ડ દ્વારા નિયત કરેલ વિષયોના અત્રેથી આપવામાં આવેલ પ્રશ્નપત્રો જ પરીક્ષા માટે ઉપયોગમાં લેવાના રહેશે. જે વિષયોના પ્રશ્નપત્રો બોર્ડ દ્વારા મોકલવામાં આવનાર છે તે વિષયો માટે શાળાઓએ પોતાની રીતે તૈયાર કરેલ પ્રશ્નપત્રોનો ઉપયોગ કરવાનો નથી. તેમજ બોર્ડ દ્વારા નિયત સમયપત્રકને અનુસરવાનું રહેશે. આ આદેશ સંદર્ભ (૧) દર્શિત શિક્ષણ વિભાગના ઠરાવ મુજબ હોઈ શિક્ષણ વિભાગની વ્યવસ્થાને અનુસરવા માટે ઠરાવનું પાલન કરવું અનિવાર્ય છે. સરકારશ્રીના ઠરાવના અમલ અર્થે કોઇપણ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાને પરીક્ષાઓ પોતાની રીતે લેવા મંજુરી આપી શકાય નહી.

આથી સંદર્ભદર્શિત પત્ર (૨) મુજબ તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ બોર્ડ દ્વારા નિયત આયોજનનો અમલ કરવો ફરજીયાત છે. જેની ખાસ નોંધ લેવા અને તમામ શાળાઓને આપની કક્ષાએથી જરૂરી સૂચના આપવા તથા યોગ્ય અમલવારી કરાવવા વિનંતી છે.

**ખાસ નોંધ:-** સંદર્ભદર્શિત પત્ર (૨)માં ધોરણ-૧૧ સામાન્ય પ્રવાહના વિષય નામાના મૂળતત્વો (૧૫૪)માં પ્રકરણ: ખાતાવહી ખતવણી (પૂર્ણ) નો પ્રકરણ ક્રમાંક: ૦૯ છે. જે સુધારાની સંબધિત શાળાઓને જાણ કરવા વિનંતી છે.

જા.નં.:મા.જુ/૨૦૨૧/ 13916 તા.૩૦/૦૯/૨૦૨૧

ડૉ.અવનીબા મોરી
નાયબ નિયામક (પરીક્ષા)
ગુ.મા.અને.ઉ.મા.શિ.બોર્ડ
ગાંધીનગર

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરતની મા. અને ઉ.મા. શાળાઓ તમામ,
જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ. સુરત.